# <u>પ્રેસનોટ</u>

## <u>અવાર નવાર ચેઈન સ્નેચીંગના ગુનામાં સંડોવાયેલ આરોપીને પકડી પાડતી એરપોર્ટ પોલીસ</u>

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ સિનિ.પો.ઈન્સ. શ્રી કે.સી.રાઠવા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સબ.ઈન્સ. શ્રી ડી.બી.પ્રજાપતિ તથા પો.સબ.ઈન્સ. શ્રી ડી.બી.વસાવા તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.પો.કો.મહેન્દ્રસિંહ મુળુભા બ.નં.૧૦૧૨૭ તથા અ.પો.કો.શક્તિસિંહ મહાવીરસિંહ બ.નં.૪૫૯૭ નાઓની સંયુક્ત બાતમી આધારે એરપોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૬૬/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯(એ)(૩) શકદાર તેમજ અગાઉ નિકોલ, કૃષ્ણનગર, શાહીબાગ, નરોડા પોલીસ સ્ટેશનમાં ચેઈન સ્નેચીંગના ગુનામાં પકડાયેલ આરોપી-<u>ચંદ્રસાગર ઉર્ફે રાહી S/O બબરૂવાન ચંદ્રભાન ધમંડે(છારા)</u> ઉ.વ.૨૪ રહે- રબારીવાસ, સુભાષનગર સુશીલભાઈના મકાનની બાજુમાં,, નોબલનગર, સરદારનગર, અમદાવાદ શહેર નાઓ મળી આવતાં સદરી ઈસમની પુછપરછ દરમ્યાન આજથી એકાદ મહિના પહેલા આશરે સાડા નવેક વાગ્યાના સુમારે કોતરપુર ટર્નિંગ તંબુચોકીની સામે જોગણી માતાના મંદિર પાસેથી એક બેનના ગળામાંથી સોનાની ચેઈન તોડી સરદારનગર તરફ ભાગી ગયેલ હતો વિગેરે હકીકત કબુલ કરતો હોય જેથી એરપોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૬૬/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯(એ)(૩) મુજબના કામે તા.૦૬/૦૮/૨૦૧૯ ના કલાક:૨૧/૦૦ વાગે અટક કરી ગુનો ડીટેક્ટ કરી મુદ્દામાલ રીકવર કરી સારી કામગીરી કરેલ છે.

